# આઉટફિટ સેન્ડવિચ વિશે જાણો છો?



**છેલ્લાં કેટલાંક વર્ષોથી સોશિયલ મીડિયા માત્ર મજેદાર વીડિયો માટે જ નહિ પરંતુ ફેશન માટે પ્રેરણા મેળવવાની જગ્યા પણ બની ગયું છે. અહીં ટ્રેન્ડ કરતાં સ્ટાઈલ અને સ્ટાઈલિંગની નવી નવી રીતો ફેશનની દુનિયામાં ઘણું પરિવર્તન લાવી છે. સોશિયલ મીડિયા પર દરરોજ કંઈક ને કંઈક નવા ટ્રેન્ડ વાયરલ થતાં રહે છે. ફેશનની દુનિયામાં હમણાં આઉટફિટ સેન્ડવિચ શબ્દ બહુ સાંભળવા મળે છે. Gen-Z માં એને ઘણી લોકપ્રિયતા મળી છે. આઉટફિટ સેન્ડવિચ શું છે? આવો જાણીએ.**

## આઉટફિટ સેન્ડવિચીંગ શું છે?

આઉટફિટ સેન્ડવિચ કપડાં પહેરવાની એક ખાસ રીત છે જે આજકાલ ઘણી લોકપ્રિય થઈ રહી છે. એમાં એક જ રંગના કપડાંના બે પીસ (બ્રેડ) થી શરૂઆત કરવામાં આવે છે અને પછી તેની વચ્ચે અલગ રંગનો એક પીસ (ફીલીંગ-પૂરણ) હોય છે. આ ફેશનમાં તમારા લુકનો ઉપરનો ભાગ એટલે ટોપ વેર અને સૌથી નીચેનો ભાગ એટલે કે ફૂટવેર એક જેવા કલર કે ટોનના હોય છે પરંતુ વચ્ચેનો ભાગ પેન્ટ, સ્કર્ટ કે બેલ્ટ અલગ રંગનાં હોય છે.

જેમ સેન્ડવિચમાં ઉપર અને નીચેનો બ્રેડ સરખો હોય છે પરંતુ અંદરનું ફીલીંગ અલગ હોય છે એમ આ ફેશન હેકમાં પણ ઉપર અને નીચેનો ભાગ સિમિલર હોય છે અને વચ્ચેનો ભાગ અલગ રંગનો હોય છે.



તમે તમારા ટોપ અને ફૂટવેરના રંગને એક અલગ રંગના સ્કર્ટ, શોર્ટ્સ કે પેન્ટ સાથે મેચ કરો કે પછી લેયર્સને સેન્ડવિચ કરો કે ટેક્સચર, ફેબ્રિક કે પ્રપોર્શન સાથે એક્સપરિમેન્ટ કરો.

## કેવી રીતે ટ્રાય કરશો?

શરૂઆત કરવા માટે તમારે બે રંગ પસંદ કરવા પડશે. એક કલર તમારા બ્રેડ જેવો હશે અને બીજો એ શેડ હશે જે તમે સેન્ડવિચની જેમ વચ્ચે રાખશો. દા.ત. તમે બ્લેક ટોપ અને બ્લેક શૂઝ પહેરો છો અને સાથે સફેદ પેન્ટ પહેરો તો બ્લેક કલર તમારા 'બ્રેડ' અને વ્હાઈટ કલર સેન્ડવિચની વચ્ચેનું પૂરણ છે.




તમે કેપ્સ્યુલ વોર્ડરોબનો ઉપયોગ કરતાં હો કે તૈયાર થવા કોઈ નવી રીત શોધી રહ્યાં હો સ્ટાઈલિંગ હેક તરીકે 'આઉટફિટ સેન્ડવિચીંગ' આઉટફિટમાં બેલેન્સ જાળવી રાખવા પર ફોક્સ કરે છે એટલે વધુ પસંદ કરવામાં આવે છે. વ્હાઈટ શૂઝ અને વ્હાઈટ પેન્ટ સાથે કાળું ટોપ પહેરવાથી ઉપરનો ભાગ હેવી લાગી શકે છે એ જ રીતે સફેદ ટોપ અને સફેદ પેન્ટ સાથે બ્લેક શૂઝ પહેરવાથી લોકોનું ધ્યાન આઉટફિટને બદલે શૂઝ પર વધારે જવાની શક્યતા રહે છે.

સેન્ડવિચીંગ માત્ર કલર્સ સાથે જ કરવું જરૂરી નથી. તમે પ્રપોર્શન સાથે પણ સેન્ડવિચીંગ અપનાવી શકો છો તમે સ્ટ્રેટ લેગ પેન્ટ સાથે બેગી ટોપ અને ચન્કી શૂઝ પહેરી શકો છો અથવા બેગી પેન્ટ સાથે ટાઈટ ટોપ અને સેન્ડલ પહેરી શકાય.

તમારા વોર્ડરોબમાં પહેલાંથી જ હોય એવાં આઉટફિટ્સ સાથે આઉટફિટ સેન્ડવિચીંગ કરવાના કેટલાક આઈડિયાઝ જોઈએ.

## લેડ બેક લક્ઝરી સેન્ડવિચ

બે બ્લેક પીસીસની વચ્ચે વ્હાઈટ (અથવા વિપરીત) કલર સામેલ કરવો. આ સ્ટાઈલ અપનાવવાની સૌથી સરળ રીત છે. આ બંને કલર્સ એકબીજા સાથે બહુ સહજ લાગે છે.





## વર્કવેર કેઝ્યુઅલ સેન્ડવિચ સ્ટાઈલ

સેન્ડવિચિંગ સ્ટાઈલની ખાસિયત એ છે કે એનાથી સવારે તૈયાર થવાનું કામ બહુ સરળ થઈ જાય છે. જો તમારે કલાસ કે મીટિંગ માટે મોડું થતું હોય તો બસ બે રંગ પસંદ કરો અને તૈયાર થઈ જાવ. દરેક કેપ્સ્યુલ વોર્ડરોબમાં વ્હાઈટ સ્નિકર્સ, ક્લાસિક વ્હાઈટ ટી-શર્ટ અને ટ્રાઉઝર્સ ચોક્કસ જ હોવા જોઈએ. એનું કોમ્બિનેશન કરીને એક એવો સ્ટાઈલિશ લુક મેળવો જે હંમેશાં ટ્રેન્ડમાં રહે છે.

## ન્યૂટ્રલ સેન્ડવિચ સ્ટાઈલ

સેન્ડવિચિંગ તમારા દરરોજના લુક માટે તો સારું છે જ પરંતુ કોઈ ઈવેન્ટ માટે આઉટફિટ પસંદ કરવામાં પણ આ ફોર્મ્યુલાનો ઉપયોગ કરી શકાય છે. તમારા આઉટરવેર અને શૂઝને મેચ કરી વચ્ચે સોલિડ રંગની પસંદગી એક સારી રીત છે. ખાસ કરીને ક્લાસિક ન્યૂટ્રલ કલર્સ સાથે દા.ત. જો તમારી પાસે કેમલ કલર બ્લેઝર અને કેમલ કલરની હીલ્સ હોય તો એ LBD (લિટલ બ્લેક ડ્રેસ) સાથે પેર કરી શકાય. જો તમે એની સાથે મિનિમલિસ્ટ ગોલ્ડ જ્વેલરી પહેરો તો તમને આકર્ષક લુક મળશે.

## ઓફ ડ્યુટી સેન્ડવિચ લુક

સેન્ડવિચિંગનો અર્થ માત્ર કલર્સનો તાલમેળ બેસાડવો જ નથી. આઉટફિટમાં અલગ અલગ સાઈઝ કે શેપની વસ્તુઓ મિક્સ કરી પહેરવી (સેન્ડવિચીંગ) પણ તમારા લુકમાં સહેલાઈથી બેલેન્સ જાળવવાનો એક તરીકો છે દા.ત. બેગી ડેનિમ સાથે શોર્ટ ટેન્ક ટોપ અને મિનિમલિસ્ટ શૂઝ પહેરવાથી આઉટફિટને સારો શેપ મળે છે.



## એક્સેસરીઝ ફોકસ્ડ સેન્ડવિચ

તમારા આઉટફિટ સેન્ડવિચ બનાવવાની બીજી એક રીત છે એક્સેસરીઝનો 'બ્રેડ'ની જેમ ઉપયોગ કરવો. તમે કદાચ શૂઝ અને બેગને મેચ કરવાની સ્ટાઈલ વિશે સાંભળ્યું હશે અને એ જ સેન્ડવિચિંગનો મુખ્ય આઈડિયા છે.